PennState Health

*નિયમના નવા અપડેટ્સ 1 જાન્યુઆરી, 2023 થી લાગુ થશે.*
*નીચે આપેલી લિંક દ્વારા તેમની સમીક્ષા કરો.*

# સરપ્રાઈઝ તબીબી બિલ સામે તમારા અધિકારો અને રક્ષણ

ફેડરલ કાયદા અનુસાર, નો સરપ્રાઈઝ એક્ટ (No Surprises Act), પેન સ્ટેટ હેલ્થ (Penn State Health) દર્દીઓને બેલેન્સ બિલિંગ અથવા સરપ્રાઇઝ બિલ્સ (surprise bills) પ્રાપ્ત કરવાથી સુરક્ષા આપવા બાબતે પ્રતિબદ્ધ છે. સરપ્રાઈઝ બિલિંગ ત્યારે થઈ શકે છે જ્યારે દર્દી એવા કોઈ પ્રદાતા અથવા આરોગ્ય સંભાળ સુવિધા અથવા હોસ્પિટલ પાસેથી સંભાળ મેળવે છે જે તમારા સ્વાસ્થ્ય યોજનાના નેટવર્કમાં નથી.

આ દસ્તાવેજનો ઉદ્દેશ્ય તમે જ્યારે કટોકટીની સંભાળ પ્રાપ્ત કરો છો અથવા નેટવર્કની બહારના પ્રદાતા દ્વારા સારવાર કરવામાં આવે છે ત્યારે અનપેક્ષિત તબીબી બિલોથી તમારી સુરક્ષા વિશે તમને જણાવવાનો છે. સામાન્ય રીતે, તમારી આરોગ્ય યોજના સંભાળ માટે ચૂકવણી કરવા માટે સંમત થાય છે અને સેવા માટે પ્રદાતા અથવા સુવિધા જે ચાર્જ કરે છે તે કુલ રકમ વચ્ચેના તફાવત માટે, નેટવર્ક બહારના પ્રદાતા અથવા સુવિધાને તમને "બેલેન્સ બિલ" આપવા માટેની મંજૂરી આપવામાં આવતી નથી.
આ "સરપ્રાઈઝ બીલ (surprise bills)" અનપેક્ષિત બેલેન્સ બીલ છે. તમે કટોકટીની સેવાઓ અને એવી સેવાઓ માટે બેલેન્સ બિલિંગથી સુરક્ષિત છો જે તમને "નેટવર્કની અંદર"ની હોસ્પિટલમાં સેવાઓ પૂરી પાડે છે તેવા નેટવર્કની બહારના પ્રદાતા પાસેથી પ્રદાન કરવામાં આવે છે.

તમે એ નિર્ણય લઈ શકો છો કે તમે તે બેલેન્સ બિલિંગ સુરક્ષાને છોડી દેવા ઈચ્છો છો અને નેટવર્કની બહારની સંભાળ માટે વધુ ચૂકવણી કરવા માટે સંમતિ આપવા તૈયાર છો.
જો તમને સહાય જોઈતી હોય, તો કૃપા કરીને અમારી નાણાકીય નેવિગેશન ટીમને **888-835-5850** પર કૉલ કરો.

**તમારા અધિકારો અને સુરક્ષા વિશે વધુ માહિતી**
ફેડરલ કાયદા હેઠળ તમારા અધિકારો વિશે વધુ માહિતી માટે
WWW.CMS.GOV/NOSURPRISES ની મુલાકાત લો.

આભાર,
Penn State Health